ટ્રાઇસોમી ૧૩ ના જોખમ નો અંદાજ આપી શકે છે. ડાઉન્સ સિન્ડ્રોમ ધરાવતા બાળક ની ડોક ની પાછળ પ્રવાહી વધારે માત્રા માં હોય શકે છે. તમારા બાળક ને ડાઉન્સ સિન્ડ્રોમ હોવા ના જોખમ નો અંદાજો લગાડવા માટે,NUCHAL TRANSLUCENCYના પરિણામ અને સાથોસાથ તમારા બ્લડ ટેસ્ટ (રક્ત પરીક્ષણ) ના પરિણામ ને, તમારી ઉંમર, વજન અને તમારી ગર્ભાવસ્થા ના તબક્કા, આ દરેક બાબત સાથે જોડી ને તેઓ ને ધ્યાન માં લેવા માં આવે છે. આ જોખમ નો ટ્વિન (જોડિયા બાળકો) અને ટ્રિપલેટ (ત્રણ બાળકો) ગર્ભાવસ્થાઓ માં પણ અંદાજો લગાડી શકાય છે.

જ્યારે સ્કેન નાં પરિણામો અને બ્લડ ટેસ્ટ (રક્ત પરીક્ષણ) ના પરિણામો સંયુક્ત થાય છે, ત્યારે ડાઉન્સ સિન્ડ્રોમ ના લગભગ ૯૦ % કેસો અને ટ્રાઇસોમી ૧૮ અને ૧૩ ના લગભગ ૯૫ % કિસ્સાઓ વિષે જાણ થઈ શકે છે. માત્ર સ્કેન થી ૭૦ % ડાઉન્સ સિન્ડ્રોમ વાળી ગર્ભાવસ્થા વિષે જ જાણ થઈ શકે છે.

## દ્વિતીય ટ્રાઈમેસ્ટર (ત્રિમાસિક) સ્ક્રીનીંગ :

જો તમે પ્રથમ ટ્રાઈમેસ્ટર (ત્રિમાસિક) સ્ક્રીનીંગ ની તક ચૂકી ગયા હો, તો તમે બીજા ટ્રાઈમેસ્ટર (ત્રિમાસિક) સ્ક્રીનીંગ ની પસંદગી કરી શકો છો, જેમાં પણ બ્લડ ટેસ્ટ (રક્ત પરીક્ષણ) અને સ્કેન – જેનેટિક (આનુવંશિક) સોનોગ્રામ નો સમાવેશ થાય છે. પ્રથમ ટ્રાઈમેસ્ટર (ત્રિમાસિક) સ્ક્રીનીંગ ની સરખામણી માં, ડાઉન્સ સિન્ડ્રોમ ની તપાસ માં જાણ થવા નો દર, બીજા ટ્રાઈમેસ્ટર (ત્રિમાસિક) સ્ક્રીનીંગ માં ઓછો હોય છે.

## પ્રિનેટલ સ્ક્રીનીંગ ના પરિણામ નો શું અર્થ થાય છે ?

તે સ્પષ્ટપણે સમજી લેવું જોઈએ કે પ્રિનેટલ સ્ક્રીનીંગ ના પરિણામો ફક્ત જોખમો દર્શાવે છે અને તેઓ નો અંદાજ આપે છે અને તેઓ નિદાન ના પરિણામો નથી. ઓછા જોખમ વાળા પરિણામો એવું દર્શાવે છે કે ડાઉન્સ સિન્ડ્રોમ માટે આગળ કોઈ પરીક્ષણ કરાવવા ની આવશ્યકતા નથી. જ્યારે કે ઉચ્ચ જોખમ વાળા પરિણામો માટે વધુ ડાયગ્નોસ્ટિક ટેસ્ટ (નિદાનાત્મક પરીક્ષણ) ની જરૂર હોય છે.

## નૉન-ઇન્વેસિવ પ્રિનેટલ ટેસ્ટ એ શું છે ?

આ એક બ્લડ ટેસ્ટ (રક્ત પરીક્ષણ) છે જે માતાના રક્ત માં ફ્રી ફિટલ DNA (લોહી માં મુક્ત રીતે ફરતું ગર્ભ નું ડીએનએ) હોવા ની પુષ્ટિ કરે છે. આ ગર્ભ ના ડીએનએ નું જ્યારે વિશ્લેષણ કરવા માં આવે છે, ત્યારે તે આપણ ને બાળક ને ડાઉન્સ સિન્ડ્રોમ હોવા ના જોખમ નો અંદાજ આપે છે, અને તે પછી જ તમારે પુષ્ટિકરણ પરીક્ષણ કરાવવા ની જરુરિયાત પડશે.

**યાદ રાખો કે :**

મોટા ભાગ ના બાળકો તંદુરસ્ત જન્મે છે.
પ્રારંભિક અને શ્રેષ્ઠ સ્ક્રીનીંગ એક સુખી અને શાંતિપૂર્ણ ગર્ભાવસ્થા ની ખાતરી કરે છે.




CIMS®
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices

Joint Commission International | NABH | NABL Certificate No. MC-3049


**સીમ્સ હૉસ્પિટલ**

રજી. ઓફિસ : પ્લોટ નં. 67/1, પંચામૃત બંગલોની સામે,
શુકન મોલની પાસે, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-75 ફેક્સ : +91-79-2771 2770

**એપોઈન્ટમેન્ટ માટે ફોન : +91-79-2772 1008**
**મોબાઈલ : +91-98250 66661 ઈમેલ :** opd.rec@cimshospital.org

**24 X 7 મેડીકલ હેલ્પલાઈન +91-70 69 00 00 00**

**સીમ્સ હોસ્પિટલની એપ્લીકેશન ઉપલબ્ધ છે**

ANDROID APP ON Google play | Download on the App Store

CIMS Hospital Pvt. Ltd. | CIN : U85110GJ2001PTC039962 | info@cims.org | www.cims.org

**એમ્બ્યુલન્સ અને ઈમરજન્સી સેવાઓ : +91-98244 50000, 97234 50000**


# સિમ્સ પ્રિનેટલ સ્ક્રીનીંગ



CIMS®
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices

Joint Commission International | NABH | NABL Certificate No. MC-3049

## પ્રિનેટલ સ્ક્રીનીંગ

**પ્રિનેટલ સ્ક્રીનીંગ (બાળક ના જન્મ પૂર્વે કરવા માં આવતી તાપસ)** ગર્ભાવસ્થા એ કુટુંબ માં નવા સભ્ય ના ઉમેરા ની ઉત્તેજના અને અપેક્ષા થી ભરપૂર એક અદભુત સમય છે.

ગર્ભાવસ્થા ના પ્રારંભિક અઠવાડિયાઓ નો સમય ચિંતા સભર હોઈ શકે છે.મોટા ભાગ ની સગર્ભા માતાઓ ની જેમ, તમે પણ એ આશ્વાસન શોધો છો કે, સરળ ગર્ભાવસ્થા ના સફર ના અંતે તમારું બાળક તમારા હાથ માં હશે.**પ્રિનેટલ** સ્ક્રીનીંગ (જન્મ પૂર્વે થતી બાળક ની તાપસ) વિષે વધુ જાણવા અને સમજવા માટે અને ગર્ભાવસ્થા ના પ્રાથમિક તબક્કા માં તમારી તપાસ કરાવવી શા માટે અગત્ય ની છે તે જાણવા માટે આગળ વાંચો.

## પ્રિનેટલ સ્ક્રીનીંગ શું છે ?

UK, USA, કેનેડા, નેધરલેંડ્સ, સ્પેન અને ફ્રાંસ જેવા દેશો માં આંતરરાષ્ટ્રીય માર્ગદર્શિકાઓ એ ભલામણ કરે છે કે, બધી ગર્ભવતી સ્ત્રીઓ ને પ્રિનેટલ સ્ક્રીનીંગ કરાવવા માટે **ની સલાહ આપવી જોઈએ** પછી ભલે તેમની ઉંમર જે પણ હોય.

પ્રિનેટલ સ્ક્રીનીંગ, ગર્ભાવસ્થા ના ૧૧ થી ૧૪ અઠવાડિયા ની વચ્ચે કરવા માં આવે છે અને તેમાં બે ઘટકો સમાવેશ થાય છે :

1. અલ્ટ્રાસાઉન્ડ સ્કેન, અને
2. તમારા રક્ત માં **પ્લેસેન્ટલ** હોર્મોન્સ ના સ્તર નું

   મૂલ્યાંકન કરવા માટે તેનું પરીક્ષણ કરવા માં આવે છે.

અલ્ટ્રાસાઉન્ડ સ્ક્રીનીંગ વડે નીચે ની બાબતો ની તપાસ કરી ને શોધી શકાય છે :

- ગર્ભ માં એક અથવા વધુ બાળકો છે
- બાળક ના હૃદય ના ધબકારા ને તપાસે છે
- બાળક ની વય ની પુષ્ટિ કરવા તેની લંબાઈ ને માપવા માં આવે છે
- બાળક માં તેના બાંધા ને લગતી (માળખાકીય) કોઈ ખામી છે કે **નહી**
- ડાઉન્સ સિન્ડ્રોમ માટે ના સ્ક્રીનીંગ ના ભાગરૂપે

પ્રિનેટલ સ્ક્રીનીંગ નો મુખ્ય ઉદ્દેશ બાળક માં ડાઉન્સ સિન્ડ્રોમ ની તપાસ કરવા નો છે. આ અલ્ટ્રાસાઉન્ડ અને રક્ત પરીક્ષણો નું સંયોજન કરી ને કરવા માં આવે છે જે સંયુક્ત સ્ક્રીનીંગ તરીકે ઓળખાય છે.



## પ્રિનેટલ સ્ક્રીનીંગ ના ફાયદાઓ

દરેક ગર્ભવતી માતાઓ ને ક્રોમોસોમલ અબ્નોર્માલિટી, એટ્લે કે રંગસૂત્ર ની **ખામી** (T21, T18 **અને** T13) ધરાવતું બાળક થવા નું જોખમ રહે છે. પ્રથમ ટ્રાઈમેસ્ટર સ્ક્રીનીંગ ટેસ્ટ (ત્રિમાસિક તપાસ માટે નું પરીક્ષણ) એ જાણવા માટે કરવા માં આવે છે કે, તમારા આવવાવાળા બાળક માં રંગસૂત્ર ની **ખામી** ને લગતું જોખમ વધ્યું છે કે ઘટ્યું છે.

નિષ્ણાત સાથે પરામર્શ કરવા થી તમે એ નક્કી કરવા માટે તમે સક્ષમ થશો કે તમને વધુ ડાયગ્નોસ્ટિક ટેસ્ટ, એટ્લે કે નિદાનાત્મક તપાસ ની જરૂર છે કે નહીં. ડાયગ્નોસ્ટિક ટેસ્ટ (નિદાનાત્મક તપાસ) રંગસૂત્ર ની **ખામી** ની હાજરી વિશે ચોક્કસ માહિતી આપે છે.

## રંગસૂત્ર ની અસાધારણતા શું છે ?

આપણા બધા માં ક્રોમોસોમ્સ, એટ્લે કે રંગસૂત્રો ની ૨૩ જોડી હોય છે. દરેક રંગસૂત્ર નીર નકલો હોય છે. ક્રોમોસોમલ અબ્નોર્માલિટી, એટ્લે કે રંગસૂત્ર ની **ખામી** ક્યાં તો તેની સંખ્યા માં અથવા તો તેના માળખા માં થાય છે. આ રંગસૂત્રો માં ફેરફારો થવા ના કારણે બાળક ના બૌદ્ધિક અને ભૌતિક વિકાસ પર અસર પડે છે. રંગસૂત્રો ની સામાન્ય અસાધારણતાઓ માં શામેલ છે, ટ્રાઇસોમી ૨૧ (ડાઉન્સ સિન્ડ્રોમ), ટ્રાઇસોમી ૧૮ અને ટ્રાઇસોમી ૧૩.

## ડાઉન્સ સિન્ડ્રોમ શું છે ?

ડાઉન્સ સિન્ડ્રોમ (ટ્રાઇસોમી ૨૧) એ સામાન્ય રીતે બનતી સૌથી વધુ જોવા મળતી રંગસૂત્ર ની **ખામી** છે. આ અસાધારણતા વિકસતા બાળક ના કોષો માં રહેલા ૨૧ નંબર ના રંગસૂત્ર ની વધારા ની નકલ હોવા ના કારણે થાય છે.

ડાઉન્સ સિન્ડ્રોમ ની ઘટના નું પ્રમાણ જીવંત જન્મ માં આશરે ૭૦૦ માં થી ૧ નું છે. ડાઉન્સ સિન્ડ્રોમ બાળકો ની શીખવા ની ગંભીર અક્ષમતા માટે સૌથી સામાન્ય કારણ છે, અને ઘણી વખત તેને, હૃદય માં રહેલી ખામીઓ (૪૦ %) અથવા દ્રષ્ટિ અને સાંભળવા ને લગતી મુશ્કેલીઓ જેવી ભૌતિક સમસ્યાઓ સાથે **જોવા મળે છે.** તે બાળપણ માં થતાં લ્યુકેમિયા સાથે પણ સંકળાયેલ હોઈ શકે છે.

ડાઉન્સ સિન્ડ્રોમ માતૃત્વ ની કોઈપણ વયે થઈ શકે છે (માત્ર મોટી ઉંમર ની ગર્ભવતી સ્ત્રીઓ ને જ નહીં) અને કોઈપણ બાળક ડાઉન્સ સિન્ડ્રોમ થી પ્રભાવિત થઈ શકે છે, ભલે પછી પરિવાર માં ડાઉન્સ સિન્ડ્રોમ નો કોઈજ કૌટુંબિક ઇતિહાસ ન હોય. આનો અર્થ એ થાય છે કે દરેક માતા ને દરેક ગર્ભાવસ્થા માં, ડાઉન્સ સિન્ડ્રોમ ધરાવતું બાળક થવા નું જોખમ રહેલું હોય છે. તેથી જ દરેક સગર્ભા સ્ત્રી ને પ્રિનેટલ સ્ક્રીનીંગ કરાવવા માટે ની સલાહ આપવા ની જરૂરિયાત પર ભાર મુકવા માં આવે છે. ડાઉન્સ સિન્ડ્રોમ તે એક રોગ અથવા વારસાગત સ્થિતિ નથી અને આ વધારા નું રંગસૂત્ર ક્યાં તો માતા માં થી અથવા પિતા માં થી આવી શકે છે. તેમ છતાં, આ વધારા ના રંગસૂત્ર નું કારણ હજી સુધી સ્પષ્ટ રીતે સમજી શકાયું નથી.

ટ્રાઇસોમી ૧૮ અને ટ્રાઇસોમી ૧૩ એ તુલનાત્મક રીતે રંગસૂત્ર ની **ખામી** ના ભાગ્યે જ જોવા મળતા અને ગંભીર સ્વરૂપો છે. ટ્રાઇસોમી ૧૮ અને ટ્રાઇસોમી ૧૩ બાળક ની ગંભીર પ્રકાર ની માનસિક અને શારીરિક અક્ષમતા સાથે સંકળાયેલા છે, અને બાળક ના પ્રાથમિક મહિનાઓ અને આગળ ના વર્ષો માં જીવન માટે જોખમી જટિલતાઓ સાથે પણ સંકળાયેલા છે.

રંગસૂત્ર ની કોઈપણ વિકૃતિઓ માટે નો કોઈ ઉપચાર ઉપલબ્ધ નથી કારણ કે કોષો માં થી વધારા ના રંગસૂત્ર ને દૂર કરી શકાતું નથી. આવા બાળક ની સંભાળ પરામર્શ, સહાય અને રિહેબિલિટેશન થેરાપી (પુનર્વસન ઉપચાર) વડે લેવા માં આવે છે.

## પ્રિનેટલ સ્ક્રીનીંગ માટે ની ઉપલબ્ધ ટેસ્ટ્સ

- પ્રથમ ટ્રાઈમેસ્ટર (ત્રિમાસિક) – **NUCHAL TRANSLUCENCY**સ્કેન (NT સ્કેન) અને બ્લડ ટેસ્ટ્સ (રક્ત પરીક્ષણો) સાથે કંબાઈન્ડ (સંયુક્ત) સ્ક્રીનીંગ.
- દ્વિતીય ટ્રાઈમેસ્ટર (ત્રિમાસિક) – **Quadruple Marker** સીરમ સ્ક્રીનીંગ.
- દ્વિતીય ટ્રાઈમેસ્ટર (ત્રિમાસિક) – જેનેટિક (આનુવંશિક) સોનોગ્રામ.
- નૉન-ઇન્વેસિવ (વાઢકાપ કર્યા વગર) પ્રિનેટલ ટેસ્ટિંગ (પરીક્ષણ) – NIPT.

## પ્રિનેટલ સ્ક્રીનીંગ કેવી રીતે કરવા માં આવે છે ?

પ્રિનેટલ સ્ક્રીનીંગ વિવિધ પદ્ધતિઓ દ્વારા કરવા માં આવે છે. આ સ્ક્રીનીંગ પ્રથમ ટ્રાઈમેસ્ટર (ત્રિમાસિક) માં, દ્વિતીય ટ્રાઈમેસ્ટર (ત્રિમાસિક) માં અથવા બંને ટ્રાઈમેસ્ટર (ત્રિમાસિક) માં થઈ શકે છે. આ સ્ક્રીનીંગ તમારી ઉંમર, ખાસ પ્રકાર નો બ્લડ ટેસ્ટ (રક્ત પરીક્ષણ) અને ખાસ પ્રકાર નો અલ્ટ્રાસાઉન્ડ ટેસ્ટ (સોનોગ્રાફી પરીક્ષણ) નો અહેવાલ લે છે.

## પ્રથમ ટ્રાઈમેસ્ટર (ત્રિમાસિક) સ્ક્રીનીંગ :

કંબાઈન્ડ (સંયુક્ત) પ્રથમ ટ્રાઈમેસ્ટર (ત્રિમાસિક) સ્ક્રીનીંગ ટેસ્ટ (પરીક્ષણ) એ પ્રિનેટલ સ્ક્રીનીંગ માટે નું એક આદર્શ મોડેલ છે. તેમાં, ગર્ભ જ્યારે ૧૧ અઠવાડિયા અને ૧૩ અઠવાડિયા ની વચ્ચે ની ઉંમર નું હોય, ત્યારે એક સરળ બ્લડ ટેસ્ટ (રક્ત પરીક્ષણ) કરવા નું શામેલ હોય છે. આ રક્ત ને ૨ માર્કર્સ માટે વિશ્લેષિત કરવા માં આવે છે, જે સામાન્ય રીતે બધી જ સગર્ભા સ્ત્રીઓ માં જોવા મળે છે. બ્લડ ટેસ્ટ (રક્ત પરીક્ષણ) પહેલા અલ્ટ્રાસાઉન્ડ પરીક્ષણ કરવા માં આવે છે. આ અલ્ટ્રાસાઉન્ડ પરીક્ષણ તમારા બાળક ની ઉંમર ની પુષ્ટિ કરે છે, અને બાળક ની ડોક ની પાછળ ના ભાગ માં આવેલ પ્રવાહી ની માત્રા માપે છે (NUCHAL ટ્રાન્સલુસેન્સી સ્કેન અથવા NT સ્કેન). બ્લડ ટેસ્ટ (રક્ત પરીક્ષણ) અને અલ્ટ્રાસાઉન્ડ નું સંયુક્ત પરિણામ ડાઉન્સ સિન્ડ્રોમ, ટ્રાઇસોમી ૧૮ અને